જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૧/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૩૫૭/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૭૭ કેસ કરી, ૭૩ વ્યક્તિઓને ઝડપી, ૨૮૪ લીટર દેશી દારૂ, ૨૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૯ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૬૩ બીયરટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૩૫૮/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૫૯/૧૭</u>**

**વાસણા :** ભુપેન્દ્રભાઇ હિંમતલાલ શાહ (ઉ.વ.૬૦)(રહે,દીપ એપાર્ટમેન્ટ આર.સી.પટેલ સ્કુલની બાજુમાં, વાસણા) એ તા.૨૩/૧૧/૧૭ નારોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૧/૧૭ બપોરના ૨/૦૦ થી તા.૦૯/૧૧/૧૭ ના કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી દિપ્લવભાઇ યતીતભાઇ શાહ (ઉ.વ.૩૨)(રહે,શીતલ એપાર્ટમેન્ટ ગોદાવરી વિભાગ-૦૧ વાસણા) એ વાસણા, ગોદાવરી નગર ખાતે આવેલ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મુર્તી પુજક સંઘ માંથી તેમજ ઉપાશ્રય માંથી દેરાસરના પુજારી ઇશ્વરલાલ દીતેસિંગ સીસોદીયા નો વિશ્વાસ કેળવી દેરાસરમાં ભગવાનના આભુષણો તથા નાની મોટી ચાંદીની તથા તાંબાની વસ્તુઓ મળીકુલ કિંમત રૂપિયા ૧૫,૧૦,૦૦૦/- મત્તાની ચીજ-વસ્તુઓ રીપેરીંગ કરવાના બહાને દેરાસરના સંઘના ટ્રસ્ટી વિનોદકુમાર શાંતીલાલ શાહ નાઓની કોઇપણ પ્રકારની મંજુરી મેળવ્યા સિવાય વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી લઇ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એચ.જાડેજા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૩૬૦/૧૭**

**સેટેલાઇટ :** કેશવચંદ્ર ચમનલાલ ભલ્લા(પંજાબી) (ઉ.વ.૫૪)(રહે,જ્યોતિકળશ સોસાયટી શુભદર્શન ફ્લેટ ની સામે પ્રેરણાતિર્થ દેરાસર મંદીર સામે સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૧/૧૭ બપોરના ૩/૧૫ થી રાતના ૮/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં પહેલા માળે આવેલ બેડરૂમ ની પાછળ ની કાચ ની સ્લાઇડર બારી ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, કબાટનાં ડ્રોઅરમાંથી (૧) સોનાનો ગળાના પહેરવાનો કાનની બુટી સાથેનો સેટ કિંમત રૂપીયા ૧,૮૦,૦૦૦/- (૨) સોના નો બુટી સાથે નો સેટ કિંમત રૂપીયા ૧,૫૦,૦૦૦/- (૩)સોના ના સિક્કા ડિઝાઇન વાળો બુટી સાથે નો સેટ કિંમત રૂપીયા ૩૦,૦૦૦/- (૪) બુટી સાથે નો સોનાનો સેટ ૩૦,૦૦૦/- (૫) એક ડાયમડ નો બુટી સાથે નો ગળામાં પહેરવાનો સેટ કિંમત રૂપીયા ૩,૦૦,૦૦૦/- (૬)સોનાની હાથમાં પહેરવાની બંગડી નંગ-૪ કિંમત રૂપીયા ૨,૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯,૩૦,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચૌધરી ચલાવે છે.

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૬૧/૧૭**

**માધવપુરા :** પુષ્પાબેન W/o મનહરલાલ લેઉવા (ઉ.વ.૬૫)(રહે,રાજેન્દ્રપાર્ક સોસાયટી બ્લોક નં-૬૪ દાણીલીમડા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૧/૧૭ સાંજના ૪/૩૦ થી ૫/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પુષ્પાબેન પોતાની પુત્રવધુ સાથે દાણીલીમડા જવા ઓટોરિક્ષામાં બેસેલ જેમાં અગાઉથી ત્રણ પેસેન્જર બેસેલ હતા દરમ્યાન ઓટોરીક્ષા જીનીગ મીલ ખાતે આવતા રિક્ષા ડ્રાઈવરે જણાવેલ કે “મારે આ પેસેન્જરોને અંદર ઉતારવા છે તમે અહીં ઉતરી જાઓ” તેમ કહેતા પુષ્પાબેન તેમની પુત્રવધુ સાથે રીક્ષામાંથી ઉતરી ગયેલ ત્યારબાદ અડધો કલાક પછી પુષ્પાબેને ગળામાં જોતા તેમનો સોનાનો દોરો કિંમત રૂપીયા ૨૨,૦૦૦/- નો જણાઈ આવેલ નહીં જે રીક્ષામાં બેસેલ અજાણ્યા ઇસમોએ પુષ્પાબેનની નજર ચુકવીચોરી કરી પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.ગોજીયા ચલાવે છે.

**ખોખરા :** માયાબેન વા/ઓ કૈલાશભાઇ (ઉ.વ.૩૯)(રહે,ઋષિકેશનગર હરીપુરા રો-હાઉસિંગ ખોખરા) એ તા.૨૩/૧૧/૧૭ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૧/૧૭ સાંજના ૭/૦૦ થી ૭/૨૫ સુધીનાં સમયગાળા દરમ્યાન બાપુનગર નવા બસ સ્ટેન્ડથી હાટકેશ્વર સર્કલ સુધીની શટલ રીક્ષાની મુસાફરી દરમ્યાન માયાબેનનો થેલો કે જેમાં પંજાબી ડ્રેસ નંગ-૬ તથા એક પ્લાસ્ટિકની થેલીમા એક બોક્સ મુકેલ જેમા સોનાની બંગડીઓ નંગ-૨ કિંમત રૂપીયા ૧,૪૪,૦૦૦/- મતાની મુકેલ હતી જે થેલો પોતાની સાથે પાછળ બેસેલ અજાણી સ્ત્રીએ માયાબેનની નજર ચુકવી થેલાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.લોઢા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૩૬૨/૧૭**

**નરોડા :** રતિલાલ મનજીભાઇ પટેલ (ઉ.વ.૫૭)(રહે,પાયલનગર સોસાયટી પટેલ નગરની બાજુમા દેવીસિનેમા સામે નરોડા) એ છેલ્લા આઠેક મહિનાથી પેટમા દુખાવો થતો હોય જેનાથી કંટાળી જઇ તા.૨૩/૧૧/૧૭ ના કલાક ૧૧/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઇ ઝેરી દવા પી લેતા, સારવાર અર્થે તેમને નરોડા બેઠક, પુષ્કર કોમ્પલેક્ષ આશિર્વાદ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ અમૃતભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.